PRO

# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/બર્ડ ફ્લુ/ ૪ /૨૦૧૭

વંચાણે લીધા :- (૧) નેશનલ ઇન્સ્ટીટ્યુટ ફોર હાઇ સીક્યુરીટી એનીમલ ડીસીસ ભોપાલના પત્ર ક્રમાંક F.15-90/2007-HSADL, તા.૧૧/૦૧/૨૦૧૭.

(૨) એગ્રીકલચર એન્ડ કો ઓપરેશન ડીપાર્ટમેન્ટના જાહેરનામાં ક્રમાંક GHKH-5-2017-VHD-122017-29-P1, તા.૧૨/૦૧/૨૦૧૭.

હાલમાં અમદાવાદ શહેરના મેમનગર ખાતે આવેલ સેવાધર્મ મેમનગર રેસ્ક્યુ સેન્ટરમાં ડક તથા ગીનીયા ફાઉલના ટ્રેકીઅલ, ફીકલ તથા ક્લોકલ સ્વેબમાં Positive for H5N1 by real time RT-PCR, RT- PCR and virus isolation જણાય આવેલ છે. જેથી બર્ડ ફ્લુ (H5N1) નો રોગચાળો પક્ષીઓમાં ફેલાઇ રહેલ હોવાનું જણાય છે. આ રોગચાળા ભાગ્યે જ માણસમાં ફેલાય છે. આ રોગ મુખ્યત્વે પક્ષીઓમાં જોવા મળે છે. આ રોગ એવિયન ઇન્ફ્લુએન્ઝા (H5N1) વાયરસ દ્વારા ફેલાય છે અને જલ્દીથી પ્રસરી શકે છે. આ રોગના સંક્રમણ વખતે પક્ષીઓને શ્વાસોશ્વાસ સંબંધે તથા આંખોમાં લાલાશ જેવા ચિન્હો જણાય છે જેમાં ખાંસી, નાકમાંથી પાણી પડવું, નબળાઇ જેવા ચિન્હો જોવા મળે છે. આ રોગ ચેપી પક્ષીના સ્ત્રાવ, અઘારના સંપર્કમાં તથા આવા પક્ષીના સંપર્કમાં આવેલ ખોરાક, પાણી, વસ્તુઓના સંપર્કથી અન્ય પક્ષીઓમાં ફેલાઇ શકે છે. બર્ડ ફ્લુ (H5N1) સંક્રમિત પક્ષીઓના ચેપ તેના સીધા સંપર્કમાં આવનાર મનુષ્યને લાગવાની પુરી શક્યતાને ધ્યાને લઇ સાવચેતી રાખવી આવશ્યક છે. જેથી આ રીતે આ ગંભીર ચેપી રોગને ફેલાતો અટકાવવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

હું એ. કે. સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨ ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના સેવાધર્મ મેમનગર રેસ્ક્યુ સેન્ટરની આજુબાજુનો એક કિલોમીટર ત્રિજ્યાવાળા (અસરગ્રસ્ત) વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવું છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(૧) સદર અસરગ્રસ્ત વિસ્તારની અંદર ફાર્મના ચેપી વિસ્તારની અંદર કોઇપણ વાહન લઇ જવા કે બહાર લાવવા ઉપર.

(૨) મરઘા પાલનની લગતી કોઇપણ પ્રવૃત્તિ જેવી કે, ઇંડા, મરઘા, મરેલા મરઘા, મરઘાનો અગાર તથા મરઘા ફાર્મની સાધન
સામગ્રી આ ચેપીગ્રસ્ત વિસ્તારની અંદર અથવા બહાર લાવવા ઉપર સાથે સાથે એલર્ટ ઝોનથી અંદર અથવા બહાર પણ આવી વસ્તુઓ લઇ જવા પર.

(૩) મરઘા ફાર્મ અંદર કામ કરતાં માણસોએ રક્ષણાત્મક પહેરવેશ પહેરવાનો રહેશે. દા.ત. ફેસ માસ્ક, મોજા, ગમ, બૂટ, ડીસ્પોઝેબલ ગ્લોઝ વિગેરે.

(૪) અસરગ્રસ્ત ફાર્મની અંદર કે બહાર જવાની અવર જવર અનિવાર્ય સંજોગોમાં જ કરવાની રહેશે. અન્યથા પ્રતિબંધિત ગણાશે.

(૫) પોલ્ટ્રી ફાર્મ માલિકોએ પોલ્ટ્રીમાં રાખવામાં આવેલ મરઘા પોલ્ટ્રી શેડ તથા પાણીના સંપર્કમાં બહારથી આવતા પક્ષીઓ ન આવે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) અસરગ્રસ્ત પોલ્ટ્રી ફાર્મના કર્મચારીઓને અન્ય પોલ્ટ્રી ફાર્મ/પક્ષી અભ્યારણ/પ્રાણી સંગ્રહાલય વિગેરેની મુલાકાત ઉપર.

(૭) રોગ મુક્તિ સુધી ચેપીગ્રસ્ત વિસ્તારમાં રહેતા પક્ષીઓ/મરઘાઓ પુન:મૂકવા, બહાર લાવવા કે ઉપયોગ કરવા ઉપર.

(૮) ચેપીગ્રસ્ત વિસ્તારમાં આવેલ મરઘા બજાર ખુલ્લા મેદાનમાં વેચાણ કરવા કે દુકાનો પરથી વેચાણ કરવા ઉપર.

(૯) ચેપ ન લાગે તે માટેના તમામ રક્ષણાત્મક તકેદારીના પગલાં દરેકે લેવાના રહેશે.

ઉપરોક્ત જણાવેલ વિસ્તારથી ૧૦ કિ.મી. વિસ્તારની ત્રિજ્યાવાળા વિસ્તારને એલર્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેથી આ વિસ્તારમાં પક્ષીઓ, ઇંડા, મૃત પક્ષી/મરઘા, મરઘાનો અગાર જેવી વસ્તુઓના ઉપયોગ/વેચાણ/ખરીદી પર પ્રતિબંધિત છે.